## શરતો લાગુ થાય છે+

| | |
|---|---|
| નવીનીકરણના લાભો | જો પોલિસી ગત પોલિસીની સમાપ્તિની તારીખના 30 દિવસ અગાઉ નવીનીકરણ કરી હોય તો જ લાગુ થશે. |
| સહ- ચુકવણી | ભૌગોલિક રેટિંગ માળખું રજૂ કરવામાં આવ્યું છે, એટલે કે, ઝોન એ (મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બેન્ગલોર) અને ઝોન બી (ભારતના અન્ય ભાગ). જો ઝોન બીનો ગ્રાહક ઝોન એમાં દાવો કરે તો તે 25% સહ-ચુકવણી માટે ઉત્તરદાયી રહેશે. જોકે ઝોન બીમાં રહેતા હોય તેઓ ઝોન એ માટે લાગુ મુજબ યોગ્ય પ્રીમિયમ ચૂકવવાનું અને કોઈ પણ સહ- ચુકવણી વિના ભારતભરમાં ઉપચાર મેળવવાનું પસંદ કરી શકે છે. |

## પોલિસી રદ કરવી (ફ્રી- લૂક સિવાય)

પોલિસીધારક લેખિત સૂચના આપીને 15 દિવસની અંદર આ પોલિસી રદ કરી શકે છે અને આવા કિસ્સામાં કંપની રિફંડ કરેલા પ્રીમિયમની % ના જોખમ પર નિમ્નલિખિત સમયગાળાની વિગત અનુસાર ટૂંકા ગાળાના આધારે સમાપ્ત નહીં થયેલા પોલિસીના સમયગાળા માટેનું પ્રીમિયમ રિફંડ કરશે.

| જોખમ પર સમયગાળો | રિફંડ કરેલા પ્રીમિયમની % |
|---|---|
| 1 મહિના સુધી | 75% |
| 3 મહિના સુધી | 50% |
| 6 મહિના સુધી | 25% |
| 6 મહિના પછી | શૂન્ય |

+રક્ષણ, નિયમો અને શરતો પર સંપૂર્ણ આરોગ્યની વિગતો માટે કૃપા કરીને પત્રક અને પોલિસીની પરિભાષા ધ્યાનથી વાંચો.

રિલાયન્સ હેલ્થવાઈઝ પોલિસી UIN: RELHLIP21522V032021

## થોભવાનો સમયગાળો

| | |
|---|---|
| **પ્રથમ 30 દિવસ થોભવાનો સમયગાળો** | અકસ્માત સંબંધી દાવા સિવાય કોઈ પણ બીમારીના ઉપચાર સામે પોલિસીની તારીખના આરંભથી 30 દિવસ |
| **પૂર્વ-મોજૂદ રોગ થોભવાનો સમયગાળો** | પીઈડીના ઉપચાર અને તેની પ્રત્યક્ષ ગૂંચ સંબંધી ખર્ચ માટે 2/4 વર્ષનું વેઈટિંગ પ્રથમ પોલિસીના આરંભની તારીખથી એકધાર્યા રક્ષણ પછી અપવાદ રહેશે (પોલિસીની શિડ્યુલમાં નિર્દિષ્ટ મુજબ). |
| **નિર્દિષ્ટ થોભવાનો સમયગાળો** | 1 વર્ષનો થોભવાનો સમયગાળો પોલિસીના શબ્દાંકનમાં આપ્યા મુજબ યાદીની સ્થિતિઓ, સર્જરીઓ/ઉપચારો સંબંધી ખર્ચ પર લાગુ થશે. પ્રથમ પોલિસીની આરંભની તારીખ પછી 24 મહિનાનું એકધાર્યું રક્ષણ મહત્વપૂર્ણ છે. |

## તમારા પાત્રતા માપદંડ તપાસી જૂઓ+

પોલિસી પ્રસ્તાવકર્તા તરીકે 18 વર્ષ અને 65 વર્ષની ઉંમર વચ્ચેની વ્યક્તિ લઈ શકે છે. નિર્ભર બાળક (એટલે કે, નૈસર્ગિક અથવા કાનૂની દત્તક લીધેલા અને પ્રસ્તાવકર્તા પર નાણાકીય રીતે નિર્ભર) ઉંમરના 91 દિવસથી 25 વર્ષ સુધી આવરી લઈ શકાય છે. આજીવન નવીનીકરણ ઉપલબ્ધ.

પોલિસી પોતાને માટે અને નિમ્નલિખિત પરિવારના સભ્યો માટે લઈ શકાય છે

એ. કાનૂની રીતે વિવાહ કરેલ જીવનસાથી

બી. 91 દિવસથી 25 વર્ષની ઉંમર વચ્ચેના નિર્ભર બાળક (એટલે કે, નૈસર્ગિક અથવા કાનૂની રીતે દત્તક લીધેલા)

ઉંમરનો અર્થ પ્રથમ પોલિસી જારી કરવા અથવા નવીનીકરણ સમયે તારીખના રોજ "છેલ્લા જન્મદિવસના રોજ ઉંમર." પ્રસ્તાવના તબક્કામાં જો કોઈ ઉંમર બદલાય તો પ્રસ્તાવ સુપરત કરવા સમયે "ઉંમર" પ્રીમિયમની ગણતરી માટે ધ્યાનમાં લેવાશે.

આ પોલિસી વ્યક્તિગત અને/અથવા પરિવાર માટે જારી કરી શકાય છે.

એકધાર્યાં નવીનીકરણ પર કોઈ મહત્તમ રક્ષણ સમાપ્તિ તારીખ નથી.

વ્યક્તિગત પોલિસી: વ્યક્તિગત વીમિત રકમને આધારે એક વ્યક્તિગત પોલિસીમાં મહત્તમ 4 સભ્યને આવરી લઈ શકાય છે.

ફ્લોટર પોલિસી: ફેમિલી ફ્લોટરના કિસ્સામાં એક પરિવાર અપનાવ્યા મુજબ એક વીમિત રકમ આદાનપ્રદાન કરી શકે છે. એક પરિવારની ફ્લોટર પોલિસીમાં મહત્તમ 4 સભ્યને આવરી લઈ શકાય છે, એટલે કે, વીમિત વ્યક્તિ, કાનૂની વિવાહ કર્યો તે જીવનસાથી અને 25 વર્ષની ઉંમર સુધી બે નિર્ભર બાળક.

## અમારી પેનીવાઈઝ પ્લાન સાથે આગળનો પ્લાન

| વીમિત રકમ | ₹ 1,00,000 ₹ 2,00,000 | ₹ 3,00,000 ₹ 400,000 | ₹ 5,00,000 |
|---|---|---|---|
| **લાભો** | **સ્ટાન્ડર્ડ પ્લાન** | **સિલ્વર પ્લાન** | **ગોલ્ડ પ્લાન** |
| હોસ્પિટલાઈઝેશન | હા – 24 કલાકથી વધુ સમયગાળા માટે હોસ્પિટલાઈઝેશન ખર્ચ આવરી લે છે | | |
| ડોમિસિલિયરી હોસ્પિટલાઈઝેશન | હા – જે અન્યથા હોસ્પિટલાઈઝેશનમાં આવશ્યક બન્યું હોત તે ઘરે તબીબી ઉપચાર લેવા માટે ઉદભવતા તબીબી ખર્ચ માટે વીમિત રકમના 10 % ને મર્યાદિત. | | |
| પૂર્વ- હોસ્પિટલાઈઝેશન તબીબી ખર્ચ | 30 દિવસ | 60 દિવસ | 60 દિવસ |
| હોસ્પિટલાઈઝેશન–પશ્ચાત તબીબી ખર્ચ | 60 દિવસ | 90 દિવસ | 90 દિવસ |
| પૂર્વ–મોજૂદ રોગો | 4 એકધાર્યાં નવીનીકરણ પછી | 2 એકદાર્યાં નવીનકરણ પછી | 2 એકધાર્યાં નવીનીકરણ પછી |
| આરોગ્ય તપાસનો ખર્ચ | હા – ચાર લાગલગાટ વર્ષના બ્લોકના અંતે એક વાર વ્યક્તિગત પોલિસીઓ માટે સરેરાશ વીમિત રકમના 1% સુધી અને ફ્લોટર રક્ષણ માટે 1.25% સુધી તબીબી તપાસના ખર્ચની ભરાઈ. જોકે બ્લોક દરમિયાન કોઈ પણ સભ્ય દ્વારા પોલિસીઓ હેઠળ કોઈ દાવો નહીં કરવામાં આવ્યો હોય. | | |
| ગંભીર બીમારી | ના | ના | હા |
| દાતાનો ખર્ચ | ના | હા | હા |
| આધુનિક ઉપચાર | હા – વીમિત રકમના 50% સુધી આવરી લેવાય છે | | |

## તમારે માટે મૂલ્યનો ઉમેરો

| લાભો | સ્ટાન્ડર્ડ પ્લાન | સિલ્વર પ્લાન | ગોલ્ડ પ્લાન |
|---|---|---|---|
| રોજનું હોસ્પિટલાઈઝેશન ભથ્થું*+ | ના | ના | 7 દિવસ સુધી દિવસના ₹250<br>14 દિવસ સુધી દિવસના ₹250 (યાદીમાં આપેલી ગંભીર બીમારીના સંજોગોમાં) |
| નર્સિંગ ભથ્થાની દિવસ દીઠ રકમ | ના | 5 દિવસના મહત્તમ સમયગાળા માટે દિવસના ₹250 | 5 દિવસના મહત્તમ સમયગાળા માટે દિવસના ₹300<br>10 દિવસના મહત્તમ સમયગાળા માટે દિવસના રૂ. 300 (યાદીમાં આપેલી ગંભીર બીમારીના સંજોગોમાં) |
| સ્થાનિક રોડ એમ્બ્યુલન્સ સેવા (નિમ્નલિખિતને મહત્તમ) | ₹500/– સુધી | ₹750/– સુધી | ₹1000/– સુધી |
| રિકવરી લાભ | ના | હા – જો વીમિત 10 દિવસથી વધુ હોસ્પિટલમાં રહે તો ₹10,000/–ની એકસામટી રકમ ચૂકવવામાં આવશે. | |
| જોડેની વ્યક્તિ પર ખર્ચ (દિવસ દીઠ રકમ) | 5 દિવસના મહત્તમ સમયગાળા માટે દિવસના ₹200 | 5 દિવસના મહત્તમ સમયગાળા માટે દિવસના ₹250 | 5 દિવસના મહત્તમ સમયગાળા માટે દિવસના ₹300 |

*+રોજના હોસ્પિટલાઈઝેશનનું ભથ્થું દિવસ 4થી શરૂ થાય છે

Digital India Power To Empower | RELIANCE GENERAL INSURANCE | CSC e-Governance Services India Limited

હેલ્થ ઈન્શ્યુરન્સ

# રિલાયન્સ હેલ્થવાઈઝ પોલિસી

## વહેલી ઊભરી આવો અને ઝડપથી વીમો લો, સૂઝબૂઝ રાખવાનો અને આરોગ્ય સંરક્ષિત રાખવાનો સમય આવી ગયો છે.

Tech+ ❤ = Live Smart





આપણી જીવનશૈલીમાં મોટે ભાગે બહાર ખાવા જવું, મોડા સૂવું, કસરતો કરવામાં આળસ કરવી અને મોડી રાત્રે બહાર ફરવા જવાનો સમાવેશ થતો હોય છે. આપણા જીવનમાં મોજમસ્તી આપણને ગમે છે, કારણ કે જીવનમાં આ મોજમજા કરવાનો સમય છે, પરંતુ આપણી બધી બેદરકારી માટે ક્યારેક તો આપણું શરીર જવાબ આપી દેવાનું છે. તે જવાબ આપે ત્યારે તમે ઝડપી સાજા થવાનું અને આવી મુશ્કેલી દરમિયાન તમને બચાવી લેતી ઝંઝટમુક્ત વીમા યોજનાની જરૂર પર વિચારો છે. તમારી આ લાગણીઓ સાથે અમે પોતાને સંપૂર્ણ રીતે જોડીએ છીએ. આથી જ રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સમાં અમે પાઈ પાઈ અનુસાર તમારે માટે વીમા રક્ષણ લાવ્યા છીએ, જે તબીબી કટોકટી દરમિયાન ઝડપી સહાય માટે ટેકનોલોજીની સુવિધા લાવે છે અને તમારી બચતોને સ્પર્શ કર્યા વિના તમારા આરોગ્યની સંભાળની જરૂરતોને મનથી જાણે છે.

**રિલાયન્સ હેલ્થવાઈઝ પોલિસી Tech + ♥ સાથે**
**Live Smart ની નવી રીત છે .**

## અમારી પસંદગી કરવા માટે 5 સૂઝબૂઝભર્યાં કારણો

**વધુ રૂમ, કોઈ મર્યાદા નહીં**
તબીબી કટોકટીના કોઈ પણ પ્રકાર દરમિયાન ઝડપથી સાજા થવા માટે ઉત્તમ સેવા અને બહેતર ઉપચાર મેળવવા માટે તમારી સૌથી અગ્રતા યોગ્ય સંભાળ મેળવવાની હોય છે અને હોસ્પિટલમાં વધુ રૂમની પસંદગી મેળવવાની હોય છે. આથી જ તમારી હેલ્થવાઈઝ પોલિસી હોસ્પિટલના રૂમના ભાડા પર કોઈ પણ મર્યાદા વિના આવે છે, જેથી તમે ચાહો તે પ્રકારની રૂમ પસંદ કરી શકો અને કોઈ પણ મર્યાદા વિના તમે લીધેલી વીમિત રકમ સુધી તમને રક્ષણ મળી શકે.

**એચ એટલે હોસ્પિટલ, એચ એટલે હોમ**
જો દર્દીની સ્થિતિને લીધે તેને હોસ્પિટલમાં લઈ જઈ શકાય એમ નહીં હોય અથવા જો હોસ્પિટલમાં વીમિતને રાખવા માટે બેડનો અભાવ હોય તો ઘરમાં ઉપચાર મેળવવાની સુવિધા તમને આપવા માટે ડોમિસિલિયરી હોસ્પિટલાઈઝેશન છે.

**સંભાળના દિવસો નહીં, પરંતુ ડે કેર**
આ હેલ્થ પોલિસી ઈનપેશન્ટ હોસ્પિટલાઈઝેશનને આવરી લે છે, જ્યાં લઘુતમ 24 કલાકનો હોસ્પિટલ મુકામ આવશ્યક હોય છે અને હોસ્પિટલના શુલ્ક (રૂમ, બોર્ડિંગ અને ઓપરેશન થિયેટર), ડોક્ટરની ફી, તબીબી પરીક્ષણો, દવાઓ વગેરેને આવરી લેતો વીમો તમારી પાસે હોય છે. જોકે ટેકનોલોજિકલ આધુનિકતાઓને લીધે અમુક ઉપચાર પ્રક્રિયા તુરંત અને ઝડપી હોય છે 24 કલાક સુધી હોસ્પિટલાઈઝેશનની જરૂર હોતી નથી. આથી અમે હોસ્પિટલ ખાતે લેવાયેલી દિવસ સંભાળ પ્રક્રિયાઓ* અથવા ડે કેર સેન્ટરમાં તેમને આવરી લઈએ છીએ.

**રોબોટિક્સ, સ્ટેમ સેલ અને બધું જ વિશે**
તબીબી વિજ્ઞાને પ્રગતિ કરી છે અને તેથી જ તમારી હેલ્થ પોલિસીએ પણ કરી છે. આથી જ અમે 50% વીમિત રકમ સુધી એવા વિશેષ^ ઉપચારો આવરી લઈએ છીએ, જે રોબોટિક સર્જરીઓ, સ્ટેમ સેલ થેરપી, બલૂન સિનોપ્લાસ્ટી વગેરે જેવા ઓછા વાઢકાપવાળા હોય છે અને ઝડપથી સાજા થઈ શકાય છે.

**30/60 અથવા 60/90, તમારી પસંદગી**
હેલ્થવાઈઝ પોલિસીધારક તરીકે તમને તમારી પોલિસી હેઠળ 30 દિવસનું પૂર્વ અને 60 દિવસનું પશ્ચાત હોસ્પિટલાઈઝેશન પસંદ કરવા મળે છે અથવા તમને 60 દિવસ પૂર્વ અને 90 દિવસ પશ્ચાત હોસ્પિટલાઈઝેશન સાથે ઉચ્ચ રક્ષણ પણ મળી શકે છે. આ લાભ તમારા હોસ્પિટલાઈઝેશન પૂર્વેનો અને જે બીમારી સંબંધી હોસ્પિટલાઈઝેશનનો દાવો સ્વીકારવામાં આવ્યો તેમાં રજા આપ્યાની તારીખ પછીનો સંબંધિત તબીબી ખર્ચ આવરી લેશે.

## તમારું મન બનાવવા માટે અમુક વધુ

**અમે નજીક અને કેશલેસ છીએ**
અમે ભારતમાં ગમે ત્યાં તમારા ઘરની નજીક અથવા હોસ્પિટલોના અમારા 7300 + વ્યાપક નેટવર્કમાં દૂર દૂર સુધી ઉત્તમ ઉપચાર અને રિકવરી માટે તમારી હોસ્પિટલ પસંદ કરવાની આઝાદી તમને આપીએ છીએ.

**કારણ કે આરોગ્ય પર ધ્યાન રાખવાનું મહત્ત્વપૂર્ણ છે**
અમે વ્યક્તિગત પોલિસીઓ માટે 4 લાગલગાટ અને એકધાર્યાં પોલિસી વર્ષના બ્લોકના અંતે એક વાર સરેરાશ વીમિત રકમના 1% સુધી અને ફ્લોટર રક્ષણ માટે 1.25% વીમિત રકમ સુધી તબીબી તપાસ## નો ખર્ચ ભરપાઈ આપીશું. જોકે આ બ્લોક દરમિયાન કોઈ પણ વીમિત દ્વારા પોલિસીઓ હેઠળ કોઈ દાવો નોંધાવેલો નહીં હોવો જોઈએ.

**ગંભીર શું છે તે અમે સમજીએ છીએ**
અમે ગંભીર બીમારીનું નિદાન કેટલું તાણયુક્ત હોય છે તે સમજીએ છીએ અને તેથી તેનો નાણાકીય બોજ તે તાણમાં અમે ઉમેરવા માગતા નહીં હોવાથી એવો યોજનાનો વિકલ્પ આપીએ છીએ, જે પોલિસી આરંભ તારીખથી 30થી વધુ દિવસ પછી ઉદભવતા નિદાન અને ઉપચાર માટે યાદીમાંની ગંભીર બીમારીઓ** ના ઉપચાર માટે હોસ્પિટલાઈઝેશન હેઠળ અપનાવવામાં આવેલી વીમિત રકમની સમકક્ષ વધારાની રકમ આપે છે.

**આરોગ્યવર્ધક અને યુવાનને પરીક્ષણની જરૂરી નથી**
જો તમારી આદતો આરોગ્યવર્ધક હોય અને તમને કોઈ પૂર્વમોજૂદ રોગ નહીં હોય તો તમે ખુશ થઈ શકો છો, કારણ કે તમારે હેલ્થવાઈઝ પોલિસી લેવા માટે 45 વર્ષની ઉંમરની નીચે પૂર્વ–પોલિસી તબીબી પરીક્ષણ કરાવવાની જરૂર નથી.

**કર બચતો તમારા ખિસ્સામાં પાછી આવે છે**
આ પોલિસી તમને કર લાભો પણ આપે છે. પ્રીમિયમ આવકવેરા ધારા 1961ની કલમ 80ડી હેઠળ કપાત માટે પાત્ર છે. આ લાભ પર વધુ માહિતી માટે તમારા ટેક્સ એડવાઈઝરની સલાહ જરૂર લો.
નોંધઃ કર કાયદા ફેરફારને આધીન છે.

*પોલિસીની પરિભાષામાં આપેલી ઉપચારની પ્રક્રિયાઓને આધીન.
^કૃપા કરીને આવરી લેવાતા વિશેષ ઉપચારોની સંપૂર્ણ યાદી માટે પોલિસીની પરિભાષા વાંચો.
##વ્યક્તિગત પોલિસીઓ માટે નિર્દિષ્ટ મર્યાદાઓ દરેક વીમિતને લાગુ થાય છે અને ફ્લોટર રક્ષણ માટે નિર્દિષ્ટ બધા સભ્યો માટે ઉપલબ્ધ એકંદર મર્યાદા છે.
**કૃપા કરીને યોજના હેઠળ આવરી લેવાતી ગંભીર બીમારીઓ માટે પોલિસીની પરિભાષા વાંચો. દાવો સ્વીકારાય અને તે માટે ચુકવણી કરવામાં આવે એટલે આ કલમ હેઠળ રક્ષણ સર્વ ભવિષ્યનાં નવીનીકરણ માટે તે વ્યક્તિને ઉપલબ્ધ નહીં થાય.

## ડિસ્કાઉન્ટ, ડિસ્કાઉન્ટ અને વધુ ડિસ્કાઉન્ટ

**છોકરીઓ માટે ડિસ્કાઉન્ટ**
અમે મહિલા શક્તિની પડખે છીએ ! 2 પુખ્ત + 2 બાળક ફ્લોટર પોલિસીમાં તમારી બે પુત્રીને આવરી લો તો અમે 7% ડિસ્કાઉન્ટ આપીએ છીએ અને પોલિસીમાં એક પુત્રીને આવરી લેવાના કિસ્સામાં 4% ડિસ્કાઉન્ટ આપીએ છીએ (2 પુખ્ત + 1 બાળક અથવા 2 પુખ્ત + 2 બાળક).

**નવીનીકરણ ડિસ્કાઉન્ટ**
અમે તમારા આરોગ્યની સંભાળ લેવા માગીએ છીએ અને તેથી જ તમે આરોગ્યવર્ધક રહો તો અમે પુરસ્કૃત કરીએ છીએ. દરેક દાવા મુક્ત નવીનીકરણ માટે તમને લાગુ પ્રીમિયમ પર 5% ડિસ્કાઉન્ટ મળે છે. આ ડિસ્કાઉન્ટ 4 લાગલગાટ દાવા મુક્ત વર્ષ સુધી લાગુ છે, એટલે કે, મહત્તમ 20%.

જો પોલિસી ઈન્ટરનેટ ચેનલ થકી અથવા ટેલી–માર્કેટિંગ થકી ખરીદી કરવામાં આવે તો પ્રીમિયમ પર 12% ડિસ્કાઉન્ટ.

નોંધઃ સર્વ ડિસ્કાઉન્ટનો સરવાળો એકત્રિત 37%થી વધુ નહીં હોવા જોઈએ.

## પોલિસી બધું આવરી લે છે, પરંતુ આ^

રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સમાં અમે પારદર્શકતામાં વિશ્વાસ રાખીએ છીએ. દાવો કરવા સમયે તમને કોઈ પણ અસુખદ અનુભવનો સામનો કરવો નહીં પડે તે માટે પોલિસીમાં મુખ્યત્વે અમુક શું સમાવિષ્ટ નથી તેની નોંધ લોઃ

- તપાસ અને મૂલ્યાંકન/વેલનેસ અને રિજુવિનેશન
- આહારી પૂરકો અને પદાર્થો
- કોસ્મેટિક અથવા પ્લાસ્ટિક સર્જરી
- જોખમી અથવા સાહસિક સ્પોર્ટ્સ
- કાયદાનો ભંગ
- માદક પદાર્થ અને શરાબ સેવન
- રિફ્રેક્ટિવ ક્ષતિ
- વંધ્યત્વ અને બિન–પ્રજોત્પાદકતા
- પ્રસૂતિ ખર્ચ
- દંત ઉપચાર
- બહારી કોન્જેનિટલ એનોમલી
- નોન–એલોપથી/શિસ્તની બહાર ઉપચાર
- જાતને ઈજા પહોંચાડવી અથવા આત્મહત્યા
- અણુ હુમલો/યુદ્ધ

^આ યાદી સાંકેતિક છે. સામાન્ય અને કાયમી અપવાદોની વિગતવાર સમજ માટે અમારી વેબસાઈટ www.reliancegeneral.co.in પર ઉપલબ્ધ પ્રોસ્પેક્ટસ/પોલિસી શબ્દાંકન વાંચો.

## દાવો કરવાનાં આસાન પગલાં

અમારી આરોગ્ય દાવાની ટીમને આરકેરને તમારા હોસ્પિટલમાં દાખલ થવા વિશે જાણકારી આપો. તમારા હેલ્થ કાર્ડ પર આ માટે હેલ્પલાઈન નંબર 1800 3009 આપવામાં આવ્યો છે તેનો ઉપયોગ કરો.

આરકેરને આવશ્યક દસ્તાવેજો સુપરત કરો.

**નેટવર્કની હોસ્પિટલ** - આરકેર કેશલેસ સુવિધાની વ્યવસ્થા કરશે
**નોન-નેટવર્ક હોસ્પિટલ** - ભરપાઈના દાવા માટે કૃપયા અમારા પોલિસી શબ્દાંકનમાં ઉલ્લેખ મુજબ પ્રક્રિયાનું પાલન કરો.

| સ્માર્ટ પસંદગી કરવા માટે હમણાં જ અમારો સંપર્ક કરો | |
|---|---|
| વેબસાઈટ | reliancegeneral.co.in |
| કોલ કરો | 1800 3009 (ટોલ ફ્રી)<br>022-4890 3009 (પેઈડ)<br>**022-33834185 (પેઈડ)-**<br>**વરિષ્ઠ નાગરિકો માટે એક્સક્લુઝિવ** |
| વ્હોટ્સએપ | 74004 22200 |

**અમારા વીમા સલાહકારનો સંપર્ક કરો**

**શું તમને BroBot**
**સ્પીડ જોઈએ છે?**
**તો અમારી સાથે ડિજિટલ બનો.**
RELIANCE Selfi

**રિબેટ્સની મનાઈ - વીમા કાયદા (સુધારણા) ધારા 2015 દ્વારા સુધારિત મુજબ વીમા ધારા 1938ની કલમ 41.**
યોજનામાં દર્શાવવામાં આવેલા પ્રીમિયમનું કોઈ પણ રિબેટ અથવા ચૂકવવાપાત્ર કમિશન સંપૂર્ણ અથવા હિસ્સામાં કોઈ પણ રિબેટ, ભારતમાં જીવન અને મિલકત સંબંધી જોખમના કોઈ પણ પ્રકાર સંબંધમાં વીમો લેવા અથવા નવીનીકરણ કરવા અથવા ચાલુ રાખવા માટે કોઈ પણ વ્યક્તિને આગ્રહ કરીને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ વીમા આપવાની કોઈ પણ વ્યક્તિને મંજૂરી નથી અથવા આવી ઓફર નહીં કરી શકશે કે કોઈ પણ વ્યક્તિ યોજના લેતી હોય અથવા નવીનીકરણ કરતી હોય અથવા ચાલુ રાખતી હોય તે કોઈ પણ રિબેટ સ્વીકારશે નહીં, સિવાય કે આવું રિબેટ વીમા કંપનીના પ્રસિદ્ધ કરેલા પત્રક અથવા કોષ્ટક અનુસાર મંજૂરી આપવામાં આવી હોય. કોઈ પણ વ્યક્તિ આ કલમની જોગવાઈનું પાલન કરવામાં કસૂર કરશે તો દંડ સાથે સજાપાત્ર રહેશે, જે ₹10 લાખ સુધી હોઈ શકે છે.

લાભો, રક્ષણ, નિયમો અને શરતો અને અપવાદો પર સંપૂર્ણ વિગતો માટે અમારી વેબસાઈટ www.reliancegeneral.co.inની વિઝિટ કરો અને વીમો લેવા પૂર્વે વેચાણ પત્રક, સૂચીપત્ર અને પોલિસી શબ્દાંકન ધ્યાનપૂર્વક વાંચો. કર કાયદા ફેરફારને આધીન છે.

**આઈઆરડીએઆઈ નોંધણી નં. 103. રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ,**
નોંધણીકૃત અને કોર્પોરેટ કાર્યાલયઃ રિલાયન્સ સેન્ટર, સાઉથ વિંગ, 4થો માળ, વેસ્ટન એક્સપ્રેસ હાઈવે નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 055. કોર્પોરેટ આઈડેન્ટિટી નંબરઃ U66603MH2000PLC128300. રિલાયન્સ હેલ્થવાઈઝ પોલિસી UIN: RELHLIP21522V032021. ઉક્ત પ્રદર્શિત ટ્રેડ લોગો અનિલ ધીરુભાઈ અંબાણી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડનો છે અને રિલાયન્સ જનરલ ઈન્શ્યુરન્સ કંપની લિમિટેડ દ્વારા લાઈસન્સ હેઠળ ઉપયોગ કરાયો છે. દરો ફક્ત થર્ડ પાર્ટી માટે નિશ્ચિત કરાયા છે* કૃપા કરીને કોઈ પણ શબ્દ કે અર્થ સ્પષ્ટ રીતે સમજવા માટે અંગ્રેજી પત્રક પણ જુઓ*

**અમારી સાથે જોડાઓ**

**An ISO 9001:2015 Certified Company**

RGI/MCOM/CO/Reliance HealthWise Policy/BR/VER.1.0/120121.